**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૪/૧૨/૧૩ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધીધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૮૭૦/૧૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૬ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી ૨૪૦ લીટર દેશી દારૂ, ૧૧૮૨ બોટલ ઇગ્લીશ દારૂ, ૯૫ ઇગ્લીશ(ક્વૉટર) દારૂ, ૮૪ બિયર ટીન, ૩ ઓટોરીક્ષા અને ૧ કાર કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૮૭૧/૧૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧મુજબ કુલ ૧૩૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહીબીશન એકટ ૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**શહેર ટ્રાફિક પોલીસે કરેલ કામગીરીની વિગતઃ-** **સમાચાર યાદી નં.૩૮૭૨/૧૩**

તા.૨૩/૧૨/૧૩ નારોજ શહેર ટ્રાફિક પોલીસે કસુરવાર વાહન ચાલકો વિરૂધ્ધ ૫૭૭૪ કેસ કરી માંડવાળ પેટે રૂપિયા ૩,૫૬,૧૦૦/- વસુલ કર્યા છે. આ પૈકી ૨૭ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રોંગ પાર્કિંગમાંથી ૯૯ વાહનો ટો કરી રૂપિયા ૭,૪૫૦/- વસુલ કરવામાં આવ્યા છે. બી.પી.એક્ટ (એન.સી.) મુજબ ૧૫ વાહન ચાલક વિરુધ્ધ, આઈ.પી.સી. ૧૮૮ મુજબ ૦ વાહન ચાલક વિરુધ્ધ, ૨૮૩ મુજબ ૦૩ આઈ.પી.સી. ૨૭૯ મુજબ ૦ વાહન ચાલક વિરુધ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. વગર હેલ્મેટનાં ૨૬૯૬ કેસ કરી રૂપિયા ૧,૩૪,૭૫૦/- વસુલ કરવામાં આવ્યા છે.

તા.૧/૧/૧૩ થી તા.૨૩/૧૨/૧૩ સુધીમાં કુલ ૧૬,૪૦,૪૪૧ કેસો કરવામાં આવેલ છે અને રૂપિયા ૧૦,૭૯,૮૦,૪૨૫/- સ્થળ દંડ વસુલ કરવામાં આવેલ છે.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૩૮૭૩/૧૩**

**ઇસનપુર :** માસુમા દોશીમહંમદ પઠાણ (ઉ.વ.૧૩)(રહે.મુસામીયાની ચાલી, ચોકીદાર બાવાની દરગાહ પાસે, શાહઆલમ) ને તા.૨૨/૧૧/૧૩ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે તેના ઘર નજીકથી આરોપી આમીર મહેમુદ પઠાણ (રહે.ચંડોળા તળાવનાં છાપરાં, શાહઆલમ) લલચાવી ફોસલાવી ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ માસુમાની માતા રીયાના દોશીમહંમદ પઠાણે તા.૨૩/૧૨/૧૩ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.બી.રાણા ચલાવે છે.

**ગાયકવાડ હવેલી** : હૈદરઅલી મહેમુદઅલી સૈયદ (રહે.બંગલા નં.૧૨, અમૃત સ્કુલની સામે, કેન્ટોમેન્ટ શાહીબાગ) એ તા.૨૩/૧૨/૧૩ નારોજ ગાયકવાડ હવેલી ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૧૨/૧૩ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે આરોપી ઐયુબખાન પઠાણ (રહે. પ્રેયસ હાઇસ્કુલની ગલીમાં, શાહપુર) અને અન્ય બે જણાં મળી, પૈસાની લેવડ દેવડ બાબતે હૈદરઅલીને લાફો મારી ઓટોરીક્ષામાં નાંખી અપહરણ કરી અલગ-અલગ જગ્યાએ લઇ જઇ ગડદાપાટુનો માર મારી, પોલીસમાં ફરીયાદ કરી તો જાનથી મારી નાંખવાની ધમકી આપી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એસ.રાઠોડ ચલાવે છે.

**છેતરપીંડી : -** **સમાચાર યાદી નં.૩૮૭૪/૧૩**

**ઘાટલોડીયા** : મહેન્દ્રભાઇ કનૈયાલાલ ઓઝા (રહે.શાંતનુ બંગલોઝ, કે.કે.નગર રોડ, ઘાટલોડીયા) એ તા.૨૩/૧૨/૧૩ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી અશોકભાઇ મગનલાલ પટેલ અને (૨)અંકિતભાઇ અશોકભાઇ પટેલ (રહે.ગામ: શાહપુર જી.ગાંધીનગર) એ મહેન્દ્રભાઇ સાથે વિશ્વાસ કેળવી ગાંધીનગર ટાઉનશીપ સેક્ટર -૧૬માં કોમર્શીયલ પ્લોટ નં.૪૪૫ નો બતાવી તા.૧/૬/૧૨ નારોજ રૂપિયા ૫૦,૦૦,૦૦૦/- લીધા હતા. ત્યારબાદ સોદો કેન્સલ તેમ જણાવી રૂપિયા ૫૦,૦૦,૦૦૦/- નો ખોટો ચેક આપી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. પૈસાની ઉઘરાણી કરતાં આ બે આરોપીઓ બિભત્સ ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપે છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.જે.ગોંડલીયા ચલાવે છે.

**વિશ્વાસઘાત : -** **સમાચાર યાદી નં.૩૮૭૫/૧૩**

**આનંદનગર** : હરજીભાઇ માવાભાઇ ઓડેદરા (રહે.શુકશલ એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી, આંબાવાડી)એ તા.૨૩/૧૨/૧૩ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી (૧) જીવનભાઇ દેવજીભાઇ ભોગાયતા (રહે.શિવાલીક બંગ્લોઝ, મધુર હોલ પાસે, આનંદનગર) અને (૨) રમેશભાઇ દેવજીભાઇ ભોગાયતા (રહે.વનવિહાર પ્રહ્લાદનગર ગાર્ડન પાસે) એ ભેગામળી પ્રહ્લાદનગર ગાર્ડન પાસે આવેલ ટાઇટેનીયમ બિલ્ડીંગમાં આવેલ હરજીભાઇ ઓડેદરાની કંપનીમાંથી તા.૧/૪/૧૦ થી તા.૧૫/૬/૧૩ દરમ્યાન લાખો રૂપિયાનો કુરીયર બિઝનેશ લઇ તેનું પેમેન્ટ પણ કંપનીને ખબર ન પડે તેવી રીતે ડાયરેક્ટ ઉઘરાવી કુલ રૂપિયા ૨૪,૩૦,૧૭૩/- કંપનીને અંધારામાં રાખી કંપનીમાં જમા નહીં કરી કંપની સાથે વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.વી.જાડેજા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૮૭૬/૧૩**

**વટવા** : ડીન્ટા કુર્તી શ્રીનિવાસ રાજુ (રહે.ગામ: ગોંગલ, જી: પ્રકાશરાવ આન્ધ્રપ્રદેશ) એ તા.૨૩/૧૨/૧૩ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૧૨/૧૩ રાતનાં ૨/૩૦ થી સવારનાં ૭/૩૦ વાગ્યા દરમ્યાન જેતલપુર, કે.પી લાયસન્સ ગોડાઉનની સામે ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલ ટ્રક નંબર. એ.પી.૨૭. ટીટી.૨૨૧૯ ની તાડપત્રી કોઇ અજાણી વ્યક્તિએ કાપી ટ્રકમાંથી અલગ-અલગ વજનનાં તીરૂમલ કંપનીના ઘીના ડબા કુલ કિંમત રૂપિયા ૧,૪૭,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એ.સોઢા ચલાવે છે.

**વાહનચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૮૭૭/૧૩**

**નારણપુરા : (૧)** પ્રકાશભાઇ રામજીભાઇ વડીયાતર (રહે. નંદનવન નિર્ણયનગર) એ તા.૧૬/૧૨/૧૩ સાંજના ૭/00 વાગે રહેણાંકનાં પાર્કિંગમાં પોતાનું મોટર સાયકલ નંબર જીજે ૧ પી.જી. ૫૫૨૭ કિમત રૂપિયા ૪0,000/- પાર્ક કર્યુ હતુ. જેની ચોરી તા.૧૭/૧૨/૧૩ સવારના ૮/00 વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ પ્રકાશભાઇ વડીયાતરે તા.૨૩/૧૨/૧૩ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો. શ્રી રમણભાઇ હિરાભાઇ ચલાવે છે.

**(૨)** રમેશભાઇ લાલજીભાઇ કલાસવા (રહે.નંદનવન નિર્ણયનગર) એ તા.૮/૧૨/૧૩ રાતના ૧૧/30 વાગે રહેણાંકનાં પાર્કિંગમાં પોતાની મારૂતી કાર નંબર જીજે ૧ એચ.બી. ૫૭૨૪ કિમત રૂપિયા ૫0,000/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૯/૧૨/૧૩ સવારના ૬/30 વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ રમેશભાઇ કલાસવાએ તા.૨૩/૧૨/૧૩ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.ગામીત ચલાવે છે.

**નરોડા :** ધર્મેન્દ્રસિંહ અરવિંદસિંહ સોલંકી (રહે.ગામ: અમોદ્રા, તા.બાયડ જી.અરવલ્લી) એ તા.૨૧/૧૨/૧૩ રાતના ૧0/30 વાગે નાના ચિલોડા વિઠ્ઠલેશ પેટ્રોલપંપ નજીક પોતાની ટાટા કંપનીની ટ્રક નંબર જીજે ૯ ઝેડ. ૨૮૯૮ કિમત રૂપિયા ૯,00,000/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૩/૧૨/૧૩ સવારના ૮/00 વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ ધર્મેન્દ્રસિંહ સોલંકીએ તા.૨૩/૧૨/૧૩ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એફ.એ.પારઘી ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૩૮૭૮/૧૩**

**વટવા :** વિમળાબહેન કુલસિંગ લોધા (ઉ.વ.૨૬)(રહે.રામનગર, નારોલ કોર્ટની પાછળ, નારોલ, વટવા) તા.૧૫/૧૨/૧૩ રાતના ૮/30 વાગ્યાનાં સુમારે તેમનાં ઘરે પ્રાયમસમાં ભડકો થતાં દાઝી ગયા હતા. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૨૨/૧૨/૧૩ રાતનાં ૮/30 વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એ.સોઢા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૮૭૯/૧૩**

**ઓઢવ :** મમતાદેવી સુનિલાસિંહ લુનિયા (ઉ.વ.૨0)(રહે.કાલુભાઇની ચાલી, ફાયરબ્રીગેડની સામે, ઓઢવ) તા.૨૨/૧૨/૧૩ બપોરના ૧૨/00 વાગ્યાનાં સુમારે પોતાના ઘરે કોઇ કારણસર પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૨૩/૧૨/૧૩ સવારનાં ૫/30 વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પો.કમિ.શ્રી “આઇ” ડીવીઝન ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.